**ફો.કે.નં.૫/૧૫**

# <u>આંક–૧ લગત હુકમ</u>

૧. ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ ધી નેગો. ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયે કરવામાં આવેલી છે. આ કામનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ જોતાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી છેલ્લી ઘણી મુદતથી હાજર રહેલા નથી કે ફરીયાદીની ગેરહાજરી સબબ કોઈ મુકતી રીપોર્ટ રજુ કરેલો નથી. છેલ્લે વર્ષ:૨૦૧૫ બાદથી પક્ષકારો સતત ગેરહાજર રહેલા છે અને કેસની આગળની કાર્યવાહી સારૂં કોઈ જ સક્રિય પ્રયત્નો કરવામાં આવેલા નથી.

૨. ફરીયાદી કે તેમના વકીલશ્રી હાજર ના રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી કરવા આગળ ના આવે તે યોગ્ય નથી. ફરીયાદ પક્ષે તેમના વકીલશ્રીને રાખવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીની ગેરહાજરીમાં સદર વિ.વ.શ્રીએ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટેના સક્રીય પ્રયાસ કરવા પડે પરંતુ તેવી કોઈ કાર્યવાહી ફરીયાદ પક્ષે લાંબા સમયથી કરેલી નથી. આ સંજોગોમાં ફરીયાદીને કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય તેમ જણાય છે.

૩. આ સબંધે **નામ.સુપ્રીમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામીરેડ્ડી, (૨૦૦૮)(૦) એ.આઈ.આર. (એસ.સી.) ૨૦૬૬ના** ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ **નામ. ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રીમીનલ અપીલ નંબર: ૨૪૦૫/૦૯ તા.૧૮.૧.૧૦નો** ચૂકાદો ધ્યાને લેતાં તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ની છણાવટ કરી ઠરાવવામાં આવેલ છે કે, ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રીય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કેસમાં હાજર રહેલા ના હોય કે, આગળની કાર્યવાહી માટે કોઈ જ સક્રિય પ્રયત્ન કરાયેલ ના હોય તે સંજોગોમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૬ને વંચાણે લેતાં હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

ફરીયાદીની હાલની ફરીયાદ તેમની ગેરહાજરીના કારણે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૬ અન્વયે રદ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨/૦૧/૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૧/૨૦૧૮
મુ.અમદાવાદ.

**(કુ.અસ્મીકા બી.ભટ્ટ )**
**GJ 00820**
**અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**ને.ઈ.એકટની કોર્ટ નં.૨૯, અમદાવાદ.**